સાલ : ૮ / સિલસિલાવાર નંબર : ૮૮ / શુમારો : ૪

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

કુલ પાના - ૧૦+૨

مِشْكٰوة الهادي

Mishkaat-ul-Haadi

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખ્બાર

**નાશિર :** મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

**તા. ૧ રબીઉલ આખર ૧૪૩૨ હી., ૬-૩-૨૦૧૧**

# –::: મીલાદે તૈયેબી મુબારક :::–

- હમેં, અલવી મુમેનીન પર અલ્લાહતઆલાનો બેશુમાર કરમ છે કે, હમારા ૨૧ માં ઈમામે આલે મોહંમદ મૌલાના અબુલ કાસિમ તૈયેબ (અ.સ.) અને આપના નાઈબ ૪૪ માં અદ-દાઈયુલ મુત્લક સૈયેદના અબૂ હાતિમ તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ની સાલગિરાહ મુબારક એક જ દિન **૪ રબીઉલ આખરે** વાકેઅ થાય છે.
- હમેં, મીલાદૈન કરીમૈન-યાઅની ઈમામુઝઝમાન (અ.સ.) ની **૯૦૮ મી** અને દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ની **૮૧ મી** મીલાદે મયમૂન ફાતેમી શાનાત સાથે મનાવી રહ્યા છીએ.
- ૨૧ માં ઈમામે ફાતેમી મૌ.તૈયેબ (અ.સ.) મિસિરમાં **૫૨૪ હિ.** માં પૈદા થયા હતા અને ૫૨૮ હિ. માં સતરમાં ગયા હતા. આજે પણ આ દૌરે સતરમાં આપ મૌલાની આલે અત્હરમાં **ઇમામુઝઝમાન** દુનિયામાં અમરે હિદાયતને **દાઇયુઝઝમાન**ના ઝરીએ કાઈમ કરી રહ્યા છે.
- ઈમામુઝઝમાન અને દાઈયુઝઝમાન અલ્લાહતઆલાની **રહેમત અને નૂર**થી કાઈમ થાય છે. આપની મીલાદે અન્વરમાં તમામ અંબિયાએ એઝામ-અઈમ્મતે કેરામ (સ.અ.) ની મીલાદની મસર્રતો શામિલ છે.
- હમારા મૌલા, હમારા રઈસ અને સરદાર છે. આપની મીલાદે મયમૂનની ખુશી સાથે જમાઅતના કુલ મુમેનીનની **મીલાદની ખુશી** વાબિસ્તા છે.
- મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, **મુમેનીનની ખસલત** એ છે કે, પોતાના મુમિન ભાઈની ખુશીને ખુદની ખુશી સમઝે અને ગમીને ખુદની ગમી સમઝે.
- હકકના આ સાહેબોની મીલાદે અન્વરની ફરહત સાથે દાઅવતે તૈયેબીયાહ, અહલે ઈમાનને **અમન, ભાઇચારા, ઇખ્લાસ અને મોહબ્બત**નો પૈગામ આપે છે. આપસી મોહબ્બત જ કૌમ અને મુલ્કની તરકકીની બુનિયાદ છે.
- દીને ઈસ્લામનું દિલ, તે ઈમામે આલે મોહંમદ (સ.અ.) નો વુજૂદ છે અને મુમિનનું દિલ, તે ઈમાનનું મરકઝ છે. જો આ બેવે દિલ મિલે તો **ઇમામ પર ઇમાન** પુખ્તા થાય છે.
- દીને ઈસ્લામના અરકાન આજે પૂરા આલમમાં રહેમતુલ લિલ આલમીન રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના શાહઝાદા ઈમામુઝઝમાન (અ.સ.) ના **વાસ્તાથી** અને આપના દાઈની પુરઅસર **દોઆઓથી** કાઈમ છે, મઝબૂત છે.
- રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ની તીન અહમ સુન્નત એ છે કે, મુમેનીનને **તઆમ** (જમન) નું ઇઝન દો, **ખુશ્બૂ** લગાવીને ઘરથી નિકલો અને પરહેઝગાર પાક-દામન બૈરો સાથે **નિકાહ** કરો. આ તીને સુન્નતે મોહંમદીયાહને હમેં આ મીલાદના ખુશ અવસર પર અદા કરીએ છીએ.

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك

## -::: ગુલ્શને ફિક્હ - અઝાન અને ઈકામત :::-

ઈમામ (અ.સ.) થી રિવાયત છે કે, અઝાનને ઈલ્હાન ખુશ-આવાઝ અને બલંદીથી કહેવી જોઈએ. અઝાન, અલ્લાહની ઈબાદત વાસ્તે ઈમાનદારોને નિદાએ ખાસ છે. લેહાઝા, જે વક્ત નમાઝી તેને સાંભલે તો એના દિલમાં ઈબાદત વાસ્તે શૌક પૈદા થાવો જોઈએ. તરન્નુમ અને મીઠો આવાઝ અઝાનમાં તાસીર અને કશિશ ભરી દે છે. મોઅઝ્ઝિન પર લાઝિમ છે કે, અઝાનમાં "અલિફ" અને "નાનો હા" બરાબર સાફ તૌર પર અદા કરે.

આપે ફરમાવું કે, જે શખ્સ અઝાન - ઈકામત કહીને નમાઝને અદા કરે તો **એના પાછલ બે સફ ફરિશ્તાઓની નમાઝ પઢે છે.** હવે જે શખ્સ અઝાન ન કહે અને ફકત ઈકામત કહીને નમાઝ પઢે તો એના પાછલ એક સફ ફરિશ્તાઓની નમાઝ પઢે છે. આ મુજબ અસર અને ઈશાઈલ આખેરતની નમાઝ વાસ્તે થઈ શકે છે કેમકે તેના પહેલા ઝોહર કે મગરિબની નમાઝ હોય છે. ફજર અને મગરિબની નમાઝ વાસ્તે, નમાઝી સફર પર હોય કે શહેરમાં હોય, એને આ બેવે નમાઝ અઝાન અને ઈકામત કહીને જ અદા કરવી જોઈએ. સબબ કે, આ બેવે નમાઝમાં તકસીર નથી થાતી યાઅની તે કસરથી પઢાતી નથી.

આપે ફરમાવું કે, **અઝાન અને ઇકામત ફઝલો સવાબ વાસ્તે છે.** જે શખ્સ પોતાના જાન વાસ્તે નાફેલતની નમાઝ પઢે અને અઝાન-ઈકામત ન કહે તો તેમાં કોઈ નુકસાન નથી. અઝાન-ઈકામતને તેના વકતમાં જ કહેવી જોઈએ. ફજરના તુલૂઅ પહેલા અઝાન કહી શકાય છે. નમાઝના વકત પર અઝાન કહેવું અફઝલ છે અને તે વાસ્તે ફરિશ્તાઓ અલ્લાહની રહેમત લઈને નમાઝીઓ પર નાઝિલ થાય છે.

આપે ફરમાવું કે, અઝાન કહી રહ્યા બાદ મૌ. બિલાલ, નબી સાહબ (સ.અ.વ.વ.) ને ખબર કરતા, જેથી આપ નીકલતા અને લોગોને નમાઝ પઢાવતા. નબી સાહબની આ જ સુન્નત પર અમલ કરીને અઈમ્મતે તાહેરીન (અ.સ.) લોગોને નમાઝ અદા કરાવતા હતા. અઝાન અને ઈકામતને દરમિયાન વાત કરવામાં કોઈ હરજ નથી પણ ઈકામત કહેતી વકત "**કદકામતિસ સલાત**" ના અલ્ફાઝ આવે તે વકત મસ્જિદમાં હાઝિર તમામ નમાઝીઓ પર વાત કરવું હરામ થઈ જાય છે. નમાઝીને જાઈએ કે, ઈકામતને દૌરાન સફમાં આવીને નમાઝની નીયત લઈને તેમાં શામિલ થઈ જાય.

અઝાન કે ઈકામત કહેવું પણ નૈકીના કામોમાંથી એક છે. જે શખ્સ (મોઅઝ્ઝિન) આ ભલાઈના કામમાં મશ્ગૂલ હોય તો એને વાતો કરીને ખલલ ન પહોંચાડવી જોઈએ. કોઈ બીજા ભલાઈના કામ સિવાય નમાઝીને અઝાનના દૌરાન ઉઠવું જોઈએ નહીં. ખામોશી સાથે મસ્જિદમાં બેસીને અઝાનના પૂરા કલેમાત સાંભલનાર નમાઝીના ઝમીરને અલ્લાહતઆલા રોશન કરે છે. અઝાન દૌરાન કોઈ શખ્સને ન ટાલી શકાય એવું ઝરૂરી કામ યા હાજત થાય તો એ જઈ શકે છે. □

---

*(પેજ નં. ૧ નું બાકી)*

***મીલાદે તૈયેબી મુબારક .....***

□ મીલાદનો આ પુરનૂર મૌકો હમને હમારા **યમનના દોઆતે હક્ક (આ.કુ.)** ની દાઅવતે યમાનીયાહના **૪૫૦ સાલના** મુબારક દૌરની યાદ તાઝા કરાવે છે કે, જેઓ પૂરી તૈયેબી શાન સાથે આ મીલાદે તૈયેબી મનાવતા હતા.

□ શહરે વડોદરા ૩૨૦ સાલથી હમારું વતને માદર છે, જે સરઝમીને દાઅવતમાં **સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની વિલાદત** બા-સઆદત થઈ છે અને હમારા ૧૨ દોઆતે તૈયેબીયીન (આ.કુ.) એ આ શહેરમાં દાઅવત કરીને તેમાં બરકત બખ્શી છે.

□ ઈમામુઝઝમાન (અ.સ.) ની **માઅરેફત** કરવી, તે નૈક આઅમાલમાં અફઝલ છે. નૈક અમલો પણ ઈબાદતમાં શુમાર થાય છે. આપ મૌલાની મીલાદ હમને આપની માઅરેફત તરફ **ઇઝન** આપે છે, જે એક તરહની ઈબાદત છે. આપની માઅરેફતથી હમેં અલ્લાહતઆલા અને એના રસૂલોની માઅરેફત કરી શકીએ છીએ. □

مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك

## -::: બચ્ચાંઓ પર થાતી TV ની બદ અસર :::-

હાલના વક્તમાં જો કહેવામાં આવે કે, બચ્ચાંઓને TV જોવા દેવું જોઈએ નહીં, તો એમ કરવું નામુનાસિબ તો છે જ, પણ તે થાવું ગૈર મુમ્કિન છે. આજે માહૌલ એ છે કે રાત પડતા જ ઘરના તમામ લોગો હોલમાં બેસીને TV જોતા હોય છે યા બપોરે બૈરો ફ્રી ટાઈમમાં આ કામ કરે છે જેમાં નાના બચ્ચાંઓ પણ ઘરવાલાઓ સાથે TV સામે ગોઠવાઈ જાય છે. મગર વાલેદૈન એનાથી બેખબર હોય છે કે, જે program કે channel તેઓ જોઈ રહ્યા છે તે ચીઝોનો બચ્ચાંના દિમાગ પર શું અસર-effect થાય છે. જે મોટાઓ વાસ્તે ખુસૂસી ચેનલો છે તેમ બચ્ચાંઓના learning, education અને information વાસ્તે પણ મુખ્તલિફ સાયન્સોની ચેનલો છે. જે વાલેદૈન આ બાબતમાં હુશિયાર હશે અને પોતાના બચ્ચાંઓના ઝહેન અને learning level થી વાકિફ હશે તો ઝરૂર તેઓ **બચ્ચાંઓને TV જોવા વાસ્તે એવી જ આદતો પાડશે કે જે ફાયદામંદ હોય.** હવે હર સ્કૂલમાં AV રૂમ હોય છે જેમાં બચ્ચાંઓને તેના સ્ટાન્ડર્ડ મુજબ educational film ની DVD બતાવવામાં આવે છે. આ તરહ ટેકનોલોજીનો ઈસ્તેમાલ જો ખૈર તરીકાથી કરવામાં આવે અને ઘરમાં પણ વાલેદૈન એના બચ્ચાંઓ પર TV જોવા વાસ્તે થોડી દેખરેખ રાખે તો ઘણું બધું TV થી હાસિલ થઈ શકે છે. જે વક્તથી TV ઘરની એક ઝરૂરીયાતની ચીઝ બની ગયું છે અને તેનો શુમાર ફ્રીજ યા વોશિંગ મશીન મુજબ થઈ ચૂકો છે, તો તેના હમારી ઘરેલું અને ઝાતી ઝિંદગી પર શું અસરાત થાય છે તેના પર નઝર કરવું ખૂબ અહમ બની જાય છે. અખ્બારોમાં બચ્ચાંઓ પર ગૈર-મુનાસિબ તરીકાથી યા વધારે પડતું TV જોવાથી શું mental and physical effects (ઝહેની-જિસ્માની અસરો) પડે છે તે હમેં વાંચતા જ હોઈએ છીએ, પણ TV જોવાના એક વાલેદૈન તેમજ બચ્ચાં વાસ્તે શું rules હોવા જોઈએ તેના પર હમેં એક નઝર નાખીએ :

× બચ્ચાંઓ TV પર કયા shows-serials-programs જોઈ છે તેની ખબર વાલેદૈનને હોવી જોઈએ. એવી ચીઝો કે જેમાં સમાજની ખરાબી, નાજાઈઝ તઅલ્લુકાત, ઝઘડા, મારપીટ, ખરાબ ઝબાન, તોછડા કપડાં, એક બીજાની બેઈઝઝતી, નાચ-ગાન, ઝુલ્મ-ગુસ્સો બતાવવામાં આવતો હોય તે બચ્ચાંઓને બતાવવી જોઈએ નહીં. Researchers કહે છે કે, બચ્ચાંઓ નાની ઉંમરમાં violent nature (ગરમ મિઝાજ) ના બને છે, વાલેદૈનની સામે બોલે છે, કોઈ વાત માનતા નથી, ખરાબ ઝબાન ઈસ્તેમાલ કરે છે એનો સબબ આ સિરિયલો હોઈ શકે છે.

× કોઈ બહેતર શો TV પર આવતો હોય તો વાલેદૈનને જોઈએ કે, બચ્ચાંઓને સાથે રાખીને જોઈ પણ એને એકલા છોડી ન દે. TV જોતા જોતા બચ્ચાં કોઈ એવો સવાલ કરે તો વાલેદૈને એની અક્લ અને બહેતર તરીકાથી જવાબ આપવો જોઈએ કે, **જેથી ગલત ખયાલ કે ગલતફહેમી દૂર થઇ શકે.** TV ના દૌર પહેલા ઘરના લોગો દરમિયાન ખુશ-ગુફ્તગૂ થાતી હતી, ઘરની અહમ બાબતો વાસ્તે વાલેદૈન અને ફરઝંદો સાથે બેસતા હતા. પણ હવે TV ના સબબ બચપણામાં જ બચ્ચાં વાસ્તે એક અલગ દુનિયા બની જાય છે જેના પર વાલેદૈનનો control હોવો ખૂબ ઝરૂરી છે.

× કોઈને બચ્ચું તે વક્ત કહેવાય કે, એ પોતે શું કરી રહ્યો છે તેના ભલા-બૂરાનો ખયાલ એને ન હોય યા એ પોતાના કામ વાસ્તે બીજા પર નિર્ભર હોય. બચ્ચાંની અક્લ પુખ્તા હોતી નથી, તેથી જો એના નઝદીક ઘરમાં એના દિલને બહેલાવનારી કોઈ ચીઝ નહીં હોય તો એ વાલેદૈનને પોતાનું કામ નહીં કરવા દે યા સતાવશે. તો આવા મૌકા પર બચ્ચાંથી છુટકારો પાવા એને TV જોવાની આદત પાડવી નહીં. મતલબ કે, એને ઠીકાને પાડવા યા ચુપ કરવા electronic media નો ઈસ્તેમાલ નહીં કરવો જોઈએ.

× ઘરની તહેઝીબ અને વક્તના નિઝામની ચાવી વાલેદૈન પાસે હોવી જોઈએ. TV જોવાના ટાઈમ પર પૂરો control હોવો જોઈએ. એમ નહી કે, free થયા કે TV સિવાય બીજી કોઈ ચીઝ નઝરમાં આવે જ નહીં.

*(બકીયાહ પેજ નં. ૪ પર)*

مِیلَاد مُبَارَک مِیلَاد مُبَارَک مِیلَاد مُبَارَک مِیلَاد مُبَارَک مِیلَاد مُبَارَک مِیلَاد مُبَارَک مِیلَاد مُبَارَک

*(પેજ નં. ૩ નું બાકી)* ***બચ્ચાંઓ પર થાતી TV ની બદ અસર .....***

સમાચાર યા બીજી માઅલૂમાતી ચીઝો વાસ્તે એક-બે કલાક TV જોવું વાલેદૈન યા બચ્ચાં વાસ્તે કાફી છે. કલાકો સુધી બચ્ચું TV ને નઝદીક બેસી રહે તો obesity (મોટાપો), આઁખની તકલીફ યા કમરની તકલીફ થઈ શકે છે. ઘણા એવા ઘરો છે જેમાં કલાકો તક TV જોવામાં આવે છે અને આમ બચ્ચાંઓને ભણવા-પઢવાનો ઘણો કીમતી વક્ત ઝાયેઅ થઈ જાય છે. ફુરસતનો વક્ત હોય તો બચ્ચાંઓને એના દોસ્તદારો સાથે, જે જૂની રમતો મોહલ્લામાં રમાતી હોય, તેના વાસ્તે હોંશ અપાવવો જોઈએ જેના સબબ એનું **દિમાગ અને જિસ્મ** બેવે કામમાં આવે અને બચ્ચાંનો હર લિહાઝથી વિકાસ થઈ શકે.

× TV યા computer નો એક અલગ કોર્નર હોવો જોઈએ અને તે બેડરૂમમાં તો હરગિઝ ન હોવું જોઈએ. સૂતી વક્ત TV યા computer ચાલુ હોવાના સબબ બચ્ચાંના આરામમાં ખલલ પડે છે યા તેના જોવા બાદ જલ્દી ઊંઘ આવતી નથી. બેડરૂમ તો સુકૂન-ઇત્મેનાનની જગા છે અને ત્યાં કોઈ પણ તરહની ખલલ તબીઅત પર અસર કરે છે.

× જમતી વકત TV ચાલુ ન હોવું જોઈએ. TV માં જો ધ્યાન હશે તો કેટલું જમાયું અને શું જમાયું તે તરફ ધ્યાન રહેશે નહીં. યા તો હિસાબ કરતા વધારે જમાશે યા જમવામાં દિલ લાગશે નહીં. વાલેદૈનને બચ્ચાંઓ સાથે જમવા બેસવું જોઈએ, જેથી જમતી વકત થોડી હલકી-ફુલકી વાતચીત થઈ શકે અને બચ્ચાંઓ સાથે પૂરા દિનમાં શું થયું તેનો જાએઝો લઈ શકાય. જો જમતી વકત હાથ-મૂઁહનો તઅલ્લૂક નઝર-દિલ સાથે નહીં હોય તો તેની ખરાબ અસર appetite (ભૂખ) અને digestion (પાચન) પર પડશે.

× "**TV પર કંઇ તો આવતું હશે**", ફક્ત આ ખયાલથી TV જોવું જોઈએ નહીં. TV પર તો હમેશા કોઈની કોઈ ચીઝ આવતી જ હોય છે. આમ કરવાથી ટીવી જોવાની ખરાબ આદત પડે છે અને પોતાનો free time બીજા કોઈ ઝરૂરી ચીઝમાં ઈસ્તેમાલ થાતો નથી. TV **ને ઘરની** activities **નું** centre **ન બનાવવું જોઇએ.** ઘરને બાહર અને ઘરના મેમ્બરો દરમિયાન એવી ઘણી ચીઝો હોય છે, જે TV જોવા કરતા વધારે અહમ અને ફેસલાકુન હોય છે.

× બચ્ચાંઓમાં ખરાબી ફેલાવનાર અને વક્ત ઝાયેઅ કરનાર cartoon ચેનલો છે. સ્કૂલના દોસ્તો યા આસપાસથી બચ્ચું સાંભલીને-શીખીને આવે છે અને TV નઝદીક વાલેદૈનની ગૈર હાઝરીમાં કલાકો તક એવી બેહૂદા ચેનલો જોઈને **waste of energy** કરે છે. વાલેદૈનને બચ્ચાંઓની આવી આદતોથી ખબરદાર રહેવું જોઈએ અને બચ્ચાંને તેનાથી થાતા નુકસાનની સમજ પાડવી જોઈએ.

× વાલેદૈન પર પણ વાજિબ છે કે, બચ્ચાંઓ સાથે એવા program ન જોવા જોઈએ કે, જે બચ્ચાં વાસ્તે લાયક ન હોય, program દરમિયાન એવી વાતો ન કરવી જોઈએ જે બચ્ચાંના ઝહેન-અકલ વાસ્તે મુનાસિબ ન હોય. મોડી રાત તક યા કલાકો તક વાલેદૈનને જ TV જોયા કરવાની બદ-આદત હશે તો પછી તેઓ પોતાના બચ્ચાંને કઈ તરહ રોકી શકશે ? **બચ્ચું, પોતાના વાલેદૈનની હર વાત અને હરકતને જોતું હોય છે,** સોચતું હોય છે અને તે મુજબ નકલ પણ કરે છે.

× Researchers એ નતીજા પર આવા છે કે, ઘરમાં TV પર બચ્ચું જે જોઈ છે, તેમાં ૮૦% એવી ચીઝો હોય છે કે, જે એની ઉંમરને વાસ્તે સમઝવી ઘણી મુશ્કિલ હોય છે અને ઘણી નુકસાનદેહ હોય છે. બચ્ચાંના દિમાગ પર એક વકત કોઈની ખરાબ છાપ યા બદ-ખયાલ થઈ ગયો તો તેને મિટાવવું દિક્કતભરું થઈ જાય છે. Positivity પર જો બચ્ચાંનો growth હશે તો **એ હર મુશ્કિલનો આસાનીથી હલ કાઢી શકશે.**

× આજે TV પર પીરસવામાં આવતા program પર અગર નઝર કરીએ તો બચ્ચાંઓ વાસ્તે advantages કરતા disadvantages ઘણા છે. એવા program પણ મૌજૂદ છે જેમાં દુનિયાના હર

*(બકીયાહ પેજ નં. ૬ પર)*

## -::: જેહાદે હક્ક :::-

રહેમતુલ લિલ આલમીન નબીયુલ્લાહ મોહંમદ (સ.અ.વ.વ.) ના દૌરે નુબૂવતમાં મદીનામાં રહીને આપે દીને હકક વાસ્તે જેહાદ કરવા જે જંગો લડી તે કાફિરો અને મુશ્રિકો વાસ્તે હતી, જેના અલમબરદાર સાહબે ઝુલ્ફિકાર અમીરૂલ મુમેનીન મૌ. અલી (અ.સ.) હતા. આપ નબી સાહબના ઝમાન બાદ મૌ. અલીની ઝાહિરી દૌરે ખિલાફતમાં જે જંગો થઇ તે મુનાફિકો સામે હતી. મુનાફિકોમાં ઘણા એવા લોગો હતા જેઓ રસૂલે ખુદા (સ.અ.વ.વ.) ના વકતમાં આપ નબી અને અલીના સાથે હતા, મૌ. અલીની શાન અને ફઝીલતોનો ઈકરાર કીધો હતો, ગદીરે ખુમમાં હાઝિર હતા, મૌ. અલીને વસાયતની મુબારકબાદી આપી મીસાક આપો હતો પણ આપ નબી સાહબની આઁખ બંધ થાવાની વાર હતી કે, **તેઓ પોતાની અસલીયત પર આવી ગયા અને સહાબીએ રસૂલ હોવાના બાવુજૂદ મૌ. અલી સાથે ગદ્દારી કરી બેસા.** મૌ. અલીનો હકકનો સાથ છોડીને મુનાફિકો સાથે મિલી ગયા અને વકત આવતા શોહરત અને દૌલતની લાલચમાં આપના સામે મૈદાને જંગમાં ઉતરી પડા.

સૈ. કાઝી નોઅમાન સાહબના શરહુલ અખ્બાર કિતાબમાં અબ્દુર રહેમાન બિન અબી લૈલા રિવાયત બયાન કરે છે કે, જંગે જમલના દિન મૌ. અલીએ ઝુબૈરને મુકાબલો કરવા નિદા કીધી. આ ઝુબૈર રસૂલુલ્લાહ બાવાજીના ઝમાનમાં હતો, મૌ. અલીની શાનાતથી વાકિફ હતો પણ ઝિંદગીની આખરી ઉંમરમાં એ મુનાફિકો સાથે મિલીને નૂરાનીમાંથી ઝુલ્માની થઇ ગયો હતો. ઝુબૈર આપ મૌલાને પાસે આવો, એ ઘોડા પર બેસેલો હતો અને મૌલા પણ ઘોડા પર સવાર હતા. બેવે જણા એકબીજાને કરીબ થયા. મૌલાએ ઝુબૈરને સવાલ કીધો કે, કેમ તુંને યાદ છે કે નહીં કે, એક વકત તુંએ રસૂલુલ્લાહ સરવરે આલમ (સ.અ.વ.વ.) ને નઝદીક મારા ફઝાઇલ અને મરતબાની ઝિક્ર કીધી હતી. તો આપ નબીએ તને ફરમાવું હતું કે, આજે તું અલી વાસ્તે ગમે તે કહેતો હોય, પણ એક દિન આ બધું જાણવા છતાં તું **ઝાલિમ-મુનાફિક બનીને અલીના ખિલાફ જંગ કરવા ઊભો થઇશ.**

આ સાંભલીને ઝુબૈર ઘણો શરમિંદા થયો અને તેએ જવાબમાં કહ્યું કે, હાઁ, અય અલી ! આપનો કૌલ સાચો છે. આપના બયાનથી મને હમણાં જ યાદ આવું કે, નબી સાહબે મારા વાસ્તે એમ ફરમાવું હતું, તે બિલારૈબ સાચું હતું. નદામતના સાથે તેએ પોતાનો ઘોડો પલટાવી લીધો અને બંને ગિરોહથી અલગ નીકલીને પોતાનો જુદો રસ્તો ઈખ્તિયાર કરવા લાગો. જેને જોઇને એના સાથી તલહાએ પણ પોતાનો ઘોડો મૈદાને જંગથી અલગ કરી ઝુબૈરની રાહ પર ચાલવા લાગો. આ મામલાની ખબર મરવાન બિન હકમને પહોંચી કે, તરત એ તૈશમાં આવી ગયો, ગુસ્સામાં આવી ગયો. આ બન્ને ઝુબૈર અને તલ્હાને અલગ જાતા જોઈ તેએ એક ઝહેરીલો તીર એ બન્ને તરફ છોડો. જે તીર તલ્હાની જાંઘમાં પૈવસ્ત થઇ ગયો અને તે ઝખમના સબબ તલ્હાએ પોતાની જાન ગુમાવી.

આ તારીખી વાકેઆથી હકીકત એ સામે આવે છે કે, એવા તો સેંકડો લોગો હતા જેને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની સોહબતે પાક નસીબ થઇ, થોડા વકત તક આપને સાથે રહ્યા, આપના કલામ સાંભલા, આપના પાછલ નમાઝ પઢી, આપના સાથે સફર કીધી, આપના સાથે જંગ પર રહ્યા પણ આનાથી કંઇ આપના મુખ્લિસ વફાદાર હોવાની સનદ એ લોગોને નથી મિલતી. આપના **સાચા વફાદાર અસ્હાબ** તો તે કહેવાયા કે, જેઓએ આપના ઈન્તેકાલ પુરમલાલ બાદ આપની સુન્નતો પર અમલ કીધો, આપની નસીહતોને દિલથી લગાવી, આપના હુક્મને સર-આઁખો પર ચઢાવો. આ સુન્નતો, નસીહતો અને હુક્મમાં આઅલામાં આઅલા આપના કાઈમ મકામ મૌ. અલી કસીમુલ જન્નતે વન્નાર (અ.સ.) ની વસાયતને કુબૂલ કરવું હતું. આપના અહલુલ બૈત અલી-ફાતેમા-હસન-હુસૈન (અ.સ.) સાથે મોહબ્બત રાખવું હતુ. જેઓને સોહબતે નબી તો કીધી પણ મોહબ્બતે અલી ન કીધી તે અસ્હાબે પોતાની આખિરી ઝિંદગીમાં એવી તો ખતા કીધી કે, **તમામ આગલી ખિદમતો ખાકમાં મિલી ગઇ.**

*(બકીયાહ પેજ નં. ૯ પર)*

مِیلَاد مُبَارَك مِیلَاد مُبَارَك مِیلَاد مُبَارَك مِیلَاد مُبَارَك مِیلَاد مُبَارَك مِیلَاد مُبَارَك مِیلَاد مُبَارَك مِیلَاد مُبَارَك

## -::: ૧૨ સુન્નતો :::-
## માઁ-બાવાજી સાથે નૈક સુલૂક

**કિસ્ત : ૫**

રસૂલુલ્લાહ બાવાજી આપના વસીએ અકરમ મૌલાના અલીને વસીયત કરતા ફરમાવે છે કે, અય અલી ! જન્નતના દરવાઝા ઉપર મેં લખેલું જોયું છે કે, તું હરએક બખીલ (કંજૂસ), શોહરત-પસંદ (નામના ચાહનાર), ચાડીયા તેમજ માઁ-બાવાજીથી નાફરમાન થાનાર શખ્સ ઉપર હરામ છે. આપ નબી સાહબ મઝીદ ફરમાવે છે કે, અય અલી ! પડોશી ગમે તેવો હોય તો પણ એને માન આપજો. મહેમાન કાફિર હોય તો પણ એનો એહતેરામ કરજો. સાઈલ ગમે તે મઝહબનો હોય એને કોઈ વક્ત ખાલી હાથ ન કાઢજો. માઁ-બાવાજી કાફિર હોય તો દીન સિવાય એની તાબેદારી કરજો.

આપ નબી સાહબે ફરમાવું કે, જે ઘરમાં જાનવરોની તસ્વીરો હોય, જે ઘરમાંથી ખમર-દારૂની બદબૂ આવતી હોય, જે ઘરમાં કૂતરાને રખાતો હોય, જે ઘરમાં માઁ-બાવાજી સાથે બદ-સુલૂકી અને નાફરમાની થાતી હોય, તે ઘરોમાં ફરિશ્તાઓ દાખિલ થાતા નથી. ફરિશ્તાઓ અલ્લાહની રઝાથી નાઝિલ થાય છે અને જે શખ્સથી એના માઁ-બાવાજી નારાઝ હોય એનાથી અલ્લાહ અને અલ્લાહના ફરિશ્તા નાખુશ રહે છે અને એના કોઈ ખૈર અમલ કુબૂલ થાતા નથી.

હરરોઝ નમાઝમાં મુમિન પોતાના વાલેદૈન વાસ્તે અનેક વાર દોઆ ગુઝારે છે અને તે મોટા તહીયાત - તશહ્હુદમાં મૌજૂદ છે. **"અલ્લાહુમ્મગ ફિરલી વલેવાલેદૈયા."** ના કલેમાતમાં મુમિન એના વાલેદૈનની મગ્ફેરતની દોઆ કરે છે કે, જે મહેનત - મશકકતથી વાલેદૈને એની પરવરિશ કીધી, તો એમના વાસ્તે એ ભલી ઉમ્મીદ રાખે છે કે, અલ્લાહ એમના ગુનાહોને મઆફ કરીને સવાબમાં દાખિલ કરે. આપ નબી સાહબે ફરમાવું કે, **"અસ્તગ્ફેરૂલ્લાહ વલે વાલેદૈયા વલિલ મુમેનીના વલ મુમેનાતે વલ મુસ્લેમીના વલ મુસ્લેમાતે, અલ આહ્યાઓ મિન્હુમ વલ અમ્વાતે,"** યાઅની હું અલ્લાહતઆલા પાસે મારા વાસ્તે, મારા વાલેદૈન વાસ્તે, મુમેનીન - મુમેનાત વાસ્તે, મુસલમાન મરદો - બૈરો વાસ્તે, તમામ ઝિંદા અને ગુઝરી ગયેલા વાસ્તે મગ્ફેરત ચાહું છે. જે કોઈ આ દોઆને ૧૫ વકત પઢશે એને અલ્લાહતઆલા પોતાના વલીઓમાં શામિલ કરી દેશે.

જે ફરઝંદ એના વાલેદૈનની નાફરમાની કરે એના નમાઝ - રોઝા યા કંઈ પણ અમલ કુબૂલ થાતા નથી. લેહાઝા માઁ - બાવાજીની ખૈરખ્વાહી અને ભલાઈ વાસ્તે કોશિશ કરી અલ્લાહતઆલાની નાફરમાની ન થાતી હોય તેવા કામોમાં એમના હુકમોને સરે તસ્લીમ કરીને માન આપવું ફરઝંદો ઉપર વાજિબ છે. □

---

*(પેજ નં. ૪નું બાકી)* ***બચ્ચાંઓ પર થાતી TV ની બદ અસર .....***

ગોશા-ખૂણાની દિલચસ્પ ચીઝોને અનોખા અંદાઝમાં બતાવવામાં આવે છે. જો વાલેદૈન પોતાના બચ્ચાંઓ સાથે બેસીને આ channels જોઈ તો ઘણું ખરું બચ્ચાંઓ ઘરમાં રહીને દુનિયામાં શું શું થઈ રહ્યું છે, તે જાણી શકે.

હવે બચ્ચાંઓ વાસ્તે સ્કૂલી ઈમ્તેહાનના દિવસો શુરૂ થઈ રહ્યા છે. બચ્ચાંઓ પોતાની studies પર ગૌર કરે, બરાબર મહેનત કરે, કોર્સને revise કરીને તેને પુખ્તા યાદ કરે તે વાસ્તે વાલેદૈનને કોશિશ કરવાની છે. આ કોશિશમાં અહમ તો એ વાત છે કે, બચ્ચાંઓ TV, mobile યા computer પર પોતાનો ખરો વકત ઝાયેઅ ન કરે તેની વાલેદૈનને તકેદારી રાખવાની છે. કુરઆને કરીમની તિલાવતની બરકત લીધા બાદ જો બચ્ચાંઓ વાંચશે તો ઝહેન તાઝા રહેશે અને યાદ-દાશ્ત મઝબૂત બનશે. TV, તે ખુદ કોઈનું દુશ્મન નથી, પણ હમેં ખુદ તેને દોસ્ત કે દુશ્મન બનાવીએ છીએ. તેનો ખૈર ઈસ્તેમાલ જો કરીશું તો TV હમારું દોસ્ત છે અને જો ગૈર ઈસ્તેમાલ કરીશું તો તે હમારો દુશ્મન બની જાશે. □

مِیلَاد مُبَارَک مِیلَاد مُبَارَک مِیلَاد مُبَارَک مِیلَاد مُبَارَک مِیلَاد مُبَارَک مِیلَاد مُبَارَک مِیلَاد مُبَارَک

## રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખાસુલ ખાસ
## -::: મૌ.સલમાનુલ ફારસી (રિ.અ.) :::-

### કિસ્ત : ૧

મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) તે મરદે બાખુદા હતા જે નબીયુલ ઉમ્મી (સ.અ.વ.વ.) ના ખાસ સહાબી, આપના જાઁનિસાર અને આપની ઈતરતે તાહેરા-આલે પાકના હકીકી ફરમાઁબરદાર હતા. યહાઁ તે સાહેબીએ બાવફાની ઝિંદગીના હાલાત પૈશ થઈ રહ્યા છે, કે જેએ પોતાની ઝિંદગીનો અકસર હિસ્સો પોતાના મુરબ્બી અને મુશ્ફિક વાલિદે રૂહાની રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ખિદમત અને સોહબતમાં ગુઝારો હતો. મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) તે સહાબીએ બાસફા છે કે, જેએ પોતાની જાનને દાઅવતે ઈલાહીયાહની ખિદમત અને આલે રસૂલની મોહબ્બતમાં વક્ફ કરી નાંખી હતી. **આપે ઇમાને કામિલ, પાકીઝગીએ નફસ, ઝોહદ ફિદ દુન્યા-પરહૈઝગારી અને ખુદાપરસ્તીનો** જે નમૂનો દુનિયાવાલાઓ સામે પૈશ કીધો તે બેમિસાલ અને લાજવાબ છે. આપે ઈબાદત અને નૈક અમલી, ખુઝૂઅ અને ખુશૂઅ, તકવા અને ઝોહદ, તાઅતે રસૂલ અને મોહબ્બતે આલે રસૂલ પર કાઈમ રહીને, સાબિત કદમ રહીને લોગો પર રોશન કરી દીધું કે, અગર કોઈ શખ્સ ચાહે તો આ હદ તક પોતાની રૂહાની તરક્કી કરી શકે છે.

મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) ની સીરતે પાક અને સૂરતે નૂરાની પર નઝર નાંખનાર હર શખ્સ કુબૂલ કરશે કે, **હકીકતમાં કામિલ ઇન્સાન, સાચા મુમિન અને ખુદાના ખાસ બંદા આ જ સિફતના હોય છે.** આપે જે કૈફીયતથી અલ્લાહ અને એના રસૂલની કુરબત હાસિલ કીધી, દીની મરતબાઓ પર ફાઈઝ થયા, ત્યાં તક તો કોઈના ખ્યાલને પહોંચવું પણ મુશ્કિલ છે બલ્કે નામુમ્કિન છે. રસૂલે મુબીન (સ.અ.વ.વ.) ના તમામ વફાદાર અસ્હાબને, જેમાં મૌ. સલમાન શામિલ છે, ઈન્સાની શિક્લો સૂરતમાં મલાએકત (ફરિશ્તાઓ) કહીએ તો બજા છે. આપે તહેઝીબુલ અખ્લાક, નૈક ચાલ-ચલનનો ઈઝહાર કરવામાં, હુસ્ને મઆશેરા-ખુશગવાર તઅલ્લુકાત વાસ્તે, ઈસ્લાહે તમદ્દુને ઈસ્લામી-ઈસ્લામી કલ્ચરને સાચવવા યા બહેતર બનાવવામાં અને બાહમી ઊખૂવત-આપસી ભાઈચારો કાઈમ કરવામાં એવી મિસાલ મૂકી છે જે આજ તક યાદગાર રહી છે અને કયામત તક બાકી રહેશે. અસ્હાબે રસૂલમાં મૌ. સલમાન તે શાન અને અઝમતના બુઝુર્ગે નામો લકબ છે કે, **જે મિસ્લ તારાઓમાં પૂનમના ચાઁદની મંઝેલત અને દરજો હોય છે.**

મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) ના નામ ઉપરથી ઝાહિર થાય છે કે, આપ ફારિસી હતા, અજમી હતા અને ઈરાનના અસ્ફહાન ઈલાકાના જઈ ગામના વતની હતા. આપ ઈસ્લામમાં દાખિલ થયા તે પહેલા આપનું નામ માઝેબા હતું. માઝેબા બિન બૂઝખશાન બિન મુસલમાન બિન બહેબૂઝાન બિન ફિરોઝ બિન શર્ક તક આપના આબાઓ અજદાદનો સિલસિલો છે, જેમાં શર્કથી મૌ. સુલૈમાન નબી તક આપનો હસબ નસબ પહોંચે છે. આપના બાવાજી બૂઝખશાન આપને ઘણા ચાહતા હતા અને શફકત રાખતા, જે મિસ્લ એક માઁ પોતાની દીકરીને મોહબ્બત કરે છે. બૂઝખશાન કોઈ વક્ત પોતાના પ્યારા દીકરા સલમાનને પોતાના થી અલગ કરતા ન હતા અને ખેતી-વાડી કરીને ઘરનું ગુજરાન ચલાવતા હતા. **મૌ. સલમાનના બાવાજીનો મઝહબ આતિશ પરસ્તી (મજૂસી) હતો અને એ ખુદ મજૂસીઓના પાદરી હતા.** મૌ. સલમાનના ઘરમાં એક ખાસ આગની મોટી મશાલ હતી, અગિયારી હતી, જેમાં હમેશા આગ રોશન કરવામાં આવતી હતી. આ કામ વાસ્તે સલમાનને એના બાવાજી ખાસ તકેદારીથી આગને રોશન કરવાનું ફરમાન કરતા હતા. મૌ. સલમાન આજે પણ પારસીઓમાં ઘણા મશ્હૂરો માઅરૂફ છે અને તેઓ આપને દસ્તૂર દેનારા કહે છે અને ઘણા જ માન અને કરામતની નઝરથી જોઈ છે. □

**જે ઈલાકામાં દાઈયુલ્લાહની રેહાઈશ-મકામે મુબારક હોય છે અને અહલે ઈમાનની આબાદી હોય છે, તે જગા પર અલ્લાહતઆલાના ફરિશ્તાઓ ઈલાહી નૂર લઈને નાઝિલ થાય છે.**

مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك

## -::: ગુલદસ્તએ મોહબ્બત :::-

અય શહે તૈયેબ ઝિયા અય નાઈબે સાહબ ઝમાઁ,
દાઈયો મુરશિદ, અમીરે કૌમ, હક્ક કે પાસબાઁ.
અય કે તેરે દમસે અહલે દીં કા હે ઈઝઝો વકાર,
હૈ તુઝીસે સતવતો શાને ઈમામત બરકરાર.
આબરૂ મિલ્લત કી હે તું, કૌમ; કી ઈઝઝત હે તું,
હમકો જિસ પર નાઝ હે, અનમોલ વો દૌલત હે તું.
પાસબાઁ મઝહબ કા હે તું, કૌમ કી પહેચાન હે,
દીન કા સબસે બડા મુનિસ હે ઔર ગમખ્વાર હે.
તું હમારા પેશ્વા હે, હમ તેરે ખિદમતગુઝાર,
હે તુઝીસે ગુલસિતાને કૌમ કી કાઈમ બહાર.
તેરા સીના ઈલ્મ કે અસરાર કા ગંજીના હે,
ઔર તેરા દિલ ખુદાઈ નૂર કા આઈના હે.
તેરે ચહેરે સે નુમાયા હે નિશાને સરવરી,
તુઝકો સારી કૌમ પર હાસિલ હુઈ હે બરતરી.
પાક તીનત, પાક ખસલત,પાક સીરત, પાક દિલ,
તેરે સીને મેં નિહાઁ હે, મુખ્લિસો બેબાક દિલ.
તું જો કહેતા હે ઝબાઁ સે બસ વો હી કરતે હૈં હમ,
તેરે તાબેદાર હૈં, તેરા હી દમ ભરતે હૈં હમ.
સબસે બઢકર તુઝકો અપની કૌમ કા અહેસાસ હે,
કૌમ કે ગમ કી દવા તો સિર્ફ તેરે પાસ હે.
તેરી હી ઉલ્ફત હમારા દીન હે ઈમાન હે,
જાનો દિલસે તુઝ પે યે મુમિન તેરા કુરબાન હે. □

## -::: સાચી જન્નત :::-

દીને ઈસ્લામ, મુમેનીનને હક્કતઆલા તરફ દાઅવત આપનાર કામિલ દીન છે કે, જેના ઊલૂમ (ઈલ્મો) ને ફાતેમી ઈમામોએ વાઝેહ કીધા, સમઝાવા અને દુનિયામાં સિરાતે હક્કને ખોલી આપી. આ ઊલૂમ ઝાહિર છે પણ તેનું બાતિન (અંદરની માઅના) તે જન્નત છે કે, જેનો હક્કતઆલાએ અમરના સાહબ (ઈમામે હક્ક) ના ખિદમત-ગુઝાર બંદાઓને વાઅદો કીધો છે. જે જન્નત, આ ઊલૂમને તેની સહી માઅનામાં હાસિલ કરવાની જઝા છે, જે દેખાતી નથી, બાતિન છે. **આ બાતિનને સમઝવું તે સબરનું પહેલું પગથીયું છે અને ઇમાનનું માથું છે.**

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, મારી કબર અને મારા મિમ્બરને દરમિયાનની જગા, જન્નતની ક્યારીઓ માંથી એક ક્યારી છે. લોગો એમ સમઝે છે કે, આ જગામાં બેસવું એટલે જન્નતમાં બેસા બરાબર છે. મગર આલે મોહંમદના ઈમામે હક્ક (અ.સ.) ની મોહબ્બત જ જન્નત છે કે, **જે ઇમામોનો સિલસિલો આપ નબી સાહબના ઇન્તેકાલથી કયામત તક ચાલનાર છે.** ઈમામોની દાઅવત આ દુનિયામાં મૌજૂદ છે, ઝાહિર છે જે એક જન્નતની મિસ્લ છે અને આ દાઅવત તે જન્નતની તરફ મુમેનીનને પહોંચાવે છે, જે હકીકી જન્નત છે, મૌજૂદ છે પણ બાતિનમાં છે. આ દાઅવતે મોહંમદીયાહના હર ઈલ્મમાં **જન્નતના ફલોની** લઝઝત આવે છે જે હર વક્ત તાઝાને તાઝા જ રહે છે. □

## -::: " બિસ્મિલ્લાહ :::-

**"બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ"** ની ખાસીયત બતાવતા મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, "કોઈ શખ્સ બિસ્મિલ્લાહ બોલીને જમન જમશે તો હું ઝામિન થાઉં છું કે, યકીન સાથે કહું છું કે, તે જમનથી એને કોઈ તકલીફ નહીં થાય." આ વાત સાંભલીને ઈબ્ને કવ્વા, જે મુનાફિક હતો, તે બોલો કે ગઈરાતે મેં બિસ્મિલ્લાહ બોલીને જમન જમો હતો પણ સવાર થાતા જ મને તકલીફ થઈ. મૌ.અલી (અ.સ.) એ જવાબ દીધો કે, તુંએ જમનમાં ઘણી ચીઝો જમી હશે અને હરએક ચીઝ પર તું બિસ્મિલ્લાહ નહીં બોલો હોય. ઈબ્ને કવ્વા આહિસ્તાથી બોલો કે, **હાઁ, આપ સહી ફરમાવો છો.** આપ મૌલાએ ફરમાવું કે, જે ચીઝ પર તું બિસ્મિલ્લાહ નહીં બોલો હોય તેનાથી તુંને ઈઝા થઈ છે. □

مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك

## -::: લફઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઈ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઈ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તૈઝ કરો.....

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**ઊભી તરકીબ :**

(૧) આલે રસૂલ (સ.અ.) અને કુરઆનની તાઅલીમાત પર ચાલનારને વાસ્તે રોઝે મહેશરમાં કૌસરનું ---- ઈનાયત થાશે. (૨)

(૨) આ દૌરે ---- માં દાઈયુઝઝમાન (ત.ઉ.શ.), ઈમામે હક્કની જગા પર દાઅવત કરી રહ્યા છે.(૩)

(૩) "---- કરતા હૂં અબ મેં વસ્ફ કુછ અપને પયમ્બર કા." (૩)

(૭) બખીલ, અલ્લાહનો દુશ્મન છે અને ----, અલ્લાહનો દોસ્ત છે. (૨)

**આડી તરકીબ :**

(૨) જેવું બીજ હશે તેવું તેના ઝાડ પર ----લાગશે. (૩)

(૪) અહમદાબાદમાં અપના ---- દોઆતે હક્ક (આ.કુ.) ના મઝારો છે. (૨)

(૫) જેટલા મુમેનીન ---- હશે તેટલો હક્ક મઝબૂત હશે. (૨)

(૬) ધારૂં લેતી વક્ત દુલ્હા-દુલ્હનને સાથે નસીહત કરવાની ---- દૌરે તૈયેબીમાં શુરૂ થઈ. (૩)

**ગયા શુમારાનો ખુલાસો :**

| | | | | |
|---|---|---|---|---|
| | | અ | | |
| | બ | દા | મ | |
| નૂ | ર | | રી | ત |
| | ફ | ર | ઝ | |
| | | ઝા | | |

□

---

*(પેજ નં. ૫નું બાકી)*

### *જેહાદે હક્ક .....*

રસૂલુલ્લાહ બાવાજીએ જે દાઅવતે હકક પર પોતાની રિસાલતની મોહર મારી તેનો પૈગામ એક છે કે, જે શખ્સે હકકની રાહ પસંદ કીધી હોય તો એને **દિલ, ઝબાન અને અમલથી** એવી જ ચીઝ કરવી જોઈએ જે એને પસંદ કીધેલી રાહ પર કાઈમ રાખે, સાબિત કદમ રાખે. ફકત દેખાવ વાસ્તે ખિદમત કરવી, શોહરત વાસ્તે ઝુકવું, કુરબત વાસ્તે જી હાઁ કહેવું, સારું લગાવવા સાથે રહેવું, મજબૂરીના સબબ સાથ આપવો યા થોડું કંઈ ઓછું-વધતું થાય તો મુખાલિફ બનવું, કોઈ ગલત-ફહેમીના સબબ નારાઝ થઈ જવું, સખ્તી થાય તો ગદ્દારી પર ઉતરી આવવું, બોલાવતા ભૂલી જવાય તો ઝબાન-આઁખ બદલી નાંખવી, ગલતી થાય તો તેને કુબૂલ કીધા સિવાય ઉલ્ટો ઈલ્ઝામ લગાવવો, વહેવારમાં ઊંચ-નીચ થાય તો મસ્જિદ અને રાહ બદલી નાંખવી, **આ તમામ અલામતો-નિશાનીઓ એક બદગુમાન મુનાફિકની છે.** અલ્લાહતઆલાની દાઅવતે હકકનો વકાર-ઈઝઝત રાખનાર, ઈમામુઝઝમાન (અ.સ.) નો મુખ્લિસ મુમિન ગમે તે હાલમાં રહેશે કે હશે એના દિલ, ઝબાન અને નઝરથી મોહબ્બત અને શરમ કોઈ વક્ત જાશે નહીં. નઝદીકી હશે યા દૂરી હશે, અલ્લાહતઆલાના દાઈ વાસ્તે એનું દિલ એક જ હાલતમાં હશે. મુમિનના દિલની આ જ હાલત અને કૈફીયત રાહે નજાત છે અને જેહાદે હકક છે. □

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

નામ : **ફિદાહુસૈન ઇબ્રાહીમ ઝરીવાલા**
વફાતની તારીખ : ૨૦રબી.અવ્વલ ૧૪૩૨ / ૨૩-૨-૨૦૧૧.
સરનામું : સામ્રાજ્ય, ફતેહગંજ, વડોદરા.
ફોન : ૦૯૭૨૩૪૨૨૮૮૫

---

નામ : **અબ્બાસભાઇ કીકાભાઇ શીરાવાલા**
વફાતની તારીખ : ૪ રબી.અવ્વલ ૧૪૩૨ / ૭-૨-૨૦૧૧.
સરનામું : શીરાવાલા મેન્શન, બદરી મોહલ્લા, વાડી, વડોદરા.
ફોન : ૦૯૯૭૪૩૯૬૯૪૪

---

(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઈલ્તેમાસ છે.)

---

નોંધ :-
જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઈ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૭૫/- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઈટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે. □

مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك

## -::: સૂરતુલ ફાતેહાના ફાયદા :::- કિસ્ત-૧

દાઅવતે હાદીયાહની કિતાબોમાં બાઝ દોઆતે કિરામ સૂરતુલ ફાતેહાની સાત આયતોને વિર્દ કરવામાં અને પઢવામાં શું સવાબે અઝીમ છે, તે આ મુજબ બયાન કરે છે. સૂરતુલ ફાતેહાને **સૂરતુશ શિફા** પણ કહે છે. જે શખ્સ આ સૂરતને કોઈ બીમારને શિફા થાય તે વાસ્તે યા કોઈ મુશ્કિલ કામ આસાન અને સહેલ થાય તે વાસ્તે, વુઝૂની હાલતમાં કિબ્લા સામે બેસીને ૪૧ વાર "અઊઝો" અને "બિસ્મિલ્લાહ" ના સાથે સૂરતુલ ફાતેહા એ મુજબ પઢે કે, "બિસ્મિલ્લાહ" ના આખરી "મિમ" ને "અલ-હમ્દો" ના "લામ" સાથે મિલાવીને પઢે અને બીમાર શખ્સના બદન પર તેનો દમ કરે, ફૂંક મારે તો અલ્લાહતઆલા એને શિફા બખ્શે. **કોઇ મહેનત યા મુસીબતને દફાઅ -દૂર કરવા વાસ્તે યા કોઇ હાજત પૂરી કરવા વાસ્તે આ મુજબ સૂરત પઢે તો રબ્બુલ આલમીન એની મુરાદને પૂરી કરે.** શાહે શોહદા મૌ. ઈમામ હુસૈન (અ.સ.) જે વકત તિફ્લ - કમસિન હતા તે વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હિદાયતથી માઁ ફાતેમા (અ.સ.) એ આપના લાડલા હુસૈનને તાવ ઉતરી જાય અને શિફા હાસિલ થાય તે વાસ્તે આ સૂરતને વિર્દ કરીને હુસૈન પર પાની છીડકું હતું અને ફૌરન બરકતે અલ-હમ્દથી બીમારી દૂર થઈ હતી. આવી તો આ સૂરતની ઘણી ફઝીલતો કિતાબોમાં મરકૂમ છે, દરજ થયેલી છે. પણ યહાઁ ચંદ નૂરાની નુક્તા આ સિલસિલામાં હમેં પૈશ કરીએ છીએ.

અલ-હમ્દોની સૂરતમાં સાત આયતો છે, જે કુરઆને કરીમની "**વલકદ આતયનાકા સબ્અમ મિનલ મસાની**" ની આયતથી સાબિત છે કે, હમેં આપને, અય રસૂલ ! હમેશા દોહરાવવામાં આવનારી સાત આયતોથી નવાઝેલા છે. આ સાત આયતોની માઅના રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની પાકીઝા આલમાંથી આ દુનિયામાં ઈલાહી દીનને રોશન કરવા આવનાર સાત-સાત ઈમામો છે. આ સાત આયતોની માઅનામાં ઝોહલ સિતારાથી કમર સિતારા તકના સાત સિતારાઓ છે અને ઈન્સાનના જિસ્મના સાત હિસ્સા છે, જે એ વુઝૂના દૌરાન કામમાં લે છે જેમકે, આઁખ, નાક, કાન, મૂઁહ, માથું, હાથ અને પગ. હર વક્ત આ સાત આયતો વાલી સૂરતુલ ફાતેહા પઢવાથી યાઅની અઈમ્મતે તાહેરીનની વલાયત રાખવાથી, સિતારાઓના સઈદ (નૈક) અને નહેસ (બદ) હોવાના યકીન સાથે કોઈ શખ્સ હર વક્ત વુઝૂની હાલતમાં રહેશે તો એ **સાત જહન્નમના અઝાબથી મહફૂઝ રહેશે** અને એના પર અલ્લાહનો ગુસ્સો ઠંડો થઈ જાશે.

સૂરતુલ ફાતેહાના ઈબ્તેદામાં "અલ-હમ્દો" છે, જેના પાઁચ હુરૂફ (અક્ષરો) છે. આ પાઁચ હુરૂફ મુજબ રાત-દિનમાં ફરઝની નમાઝો પણ પાઁચ છે. હવે જે શખ્સ પાઁચે વકતની નમાઝને બરાબર અદા કરશે તો તે નમાઝો દરમિયાન એનાથી કોઈ કુસૂર યા નાના ગુનાહના કામો થયા હોય તેને રબ્બુલ ઈઝઝત નમાઝની અદાયેગીની બરકતથી મઆફ કરી દેશે, બખ્શી દેશે. □

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**નોંધ : મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તારવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬.□

-::: ઝાહેર ખબર :::-

Ismat Madam's

**GENIUS PERSONAL TUITION CLASS**

Std.10 : Sanskrit, Gujarati, Hindi

(Eng. & Guj. Medium)

**Ismat A. Gulabiwala (M.A., B.Ed.)**

103, Ali Chamber-1, Taiyebi Park,

Ajwa Road, Vadodara - 19.

M.: 9974405146

---

**માસુમા બુટીક**

૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ,

પાણીગેટ, વડોદરા - ૧૭.

**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાયા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**

ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬,

૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯.

---

**રૂબી કલેક્શન**

**# ફેન્સી રિદા અને મટેરીયલ # ટી શર્ટ ઇઝાર-પાઇજામા # ફેન્સી લેસ # ફેન્સી જોડી # બધા જ પ્રકારના કોટન ડ્રેસીસ તથા મટેરીયલ**

**સુલેમાની બેંક પાસે, એમ.ઇ.એસ ગર્લ્સ સ્કૂલ સામે, ગેંડીગેટ, વડોદરા.**

**મો.: ૯૯૯૮૦૫૮૦૫૭.**

---

**એ-વન જ્વેલરી એન્ડ કોસ્મેટીક્સ**

**અમારે ત્યાં બગસરા અને ડાયમંડ જ્વેલરી તથા કોસ્મેટીક્સ અને Wiz® કંપનીના હેન્ડ વોશ, સોપ હોલસેલના ભાવે મળશે.**

અલ-ફતેહ કોમ્પ્લેક્ષ, બીજા માળે, વાડી, નવાપુરા, વચલા ફળીયા, સૈયદ ફોટો સ્ટુડીયોની ગલીમાં, વડોદરા.

**સકીનાબેન M.: 9974181403.**

-::: ઝાહેર ખબર :::-

**IMAGE ACCOUNTANCY**

Ibrahim H. Tinwala

M.: 9898442032

Contact for all types of computer accounting work, sales tax return manual & vat-e-return, CST-e-return & Personal return.

**ZULFI TRAVELS**

Zulfiqarali H. Tinwala

M.: 9974382384 (R) 2510639

Govt.Authorised IRCTC Railway Agent

Contact for all types of

Railway ticket booking, Air & Bus Booking.

**B-203, Sakina Appt., Taiyebi Park Society, Ajwa Road, Vadodara.**

---

**અલીફીયા સોરંગવાલા**

**મો.:** ૯૫૩૭૫૧૯૮૬૭

ઘરના વાતાવરણમાં પૌષ્ટીક નાસ્તા સાથે તમારા બાળકના ભવિષ્યનો પાયો મજબૂત કરો. ૨ વર્ષથી ૪ વર્ષ સુધીના બાળકોને એડમીશન આપવામાં આવે છે. JKG, SKG, 1st, 2nd, 3rd સુધીના ટ્યુશન અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમના આપવામાં આવે છે. કોમ્પ્યુટર કલાસમાં બેઝીક, ટેલી, ડી.ટી.પી, સી. પ્લસ પ્રોગ્રામ અને ડિપ્લોમાં (ડી.સી.એ.) તથા ઓફિસ વર્ક ખૂબ જ સરળતાથી અને વ્યાજબી ભાવે શીખવાડવામાં આવે છે.

---

**દેસી ટ્રીટ**

**જમાઅતમાં પહેલી વાર.....**

**લાજવાબ છે સ્વાદ, ઝબાન રાખે યાદ**

**પૂરી સર્વીસ સાથે કોઇ પણ ખુશીના પ્રસંગે વાનગીઓ કે થાલના ઓર્ડર લેવાશે....**

જીએફ-૬, સાંઇ વિહાર એપાર્ટમેન્ટ, એમ્પરરની સામે, ફતેહગંજ, વડોદરા - ૦૨.

**મઝહર જે. શીરાવાલા**

**Ph.: 2780792, 9574957695.**

مِیلَاد مُبَارَك مِیلَاد مُبَارَك مِیلَاد مُبَارَك مِیلَاد مُبَارَك مِیلَاد مُبَارَك مِیلَاد مُبَارَك مِیلَاد مُبَارَك

## -::: ઝાહેર ખબર :::-

### એમ. એમ. ગ્લાસ

**(મોહસીન એસ. સુરતી)**

ફોન : ૨૫૨૧૫૬૯ / ૯૮૨૫૫૫૨૧૫૧

**દરેક પ્રકારના બારી બારણાંના કાચ તથા એલ્યુમિનિયમ સેક્સન બારી-દરવાજા-પાર્ટીશન ના કામ માટે.**

જી-૧, શાલીમાર ફલેટસ, ટેલીફોન એકસચેન્જ, પાણી ની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા. □

---

### Shelina's Creation

**અમારા ત્યાં બધા પ્રકારના ટેલરીંગ કામો તથા કાપડને ડિઝાઇનીંગ વ્યાજબી ભાવે કરવામાં આવે છે. સલવાર-કમીઝ તથા કુરતાનું કલેક્શન પણ રાખીએ છીએ.**

**વેકેશનમાં હોબી કલાસિસ, એમ્બ્રોઇડરી અને દરેક પ્રકારના પેઇન્ટીંગ શીખાવવામાં આવશે.**

એ-૭૦૨, અંબર કોમ્પ્લેક્ષ, મહાવીર હોલને નજીક, આજવા રોડ, વડોદરા.

**M.: 9974165742** □

---

### અપ્સરા રબર સ્ટેમ્પસ

**રબર સ્ટેમ્પ, કોમ્પ્યુટરાઇઝડ નાયલોન સ્ટેમ્પ, પ્રી-ઇંક સ્ટેમ્પ, બ્રાસ સ્ટેમ્પ, બ્રાસ સીલ, ઓફીસ સેટ, ડેટર, નંબરીંગ, સેલ્ફ ઇંક, સ્ટેશનરી અને દરેક જાતનું પ્રીન્ટીંગ અને ડીઝાઇનીંગ, ઝેરોક્ષ, કલર ઝેરોક્ષ, લેમીનેશન, ફેક્ષ, પાનકાર્ડ, પાસપોર્ટ, ડ્રાઇવીંગ લાયસન્સ નોટરી સાથે બનાવનાર.** □

---

### અપ્સરા કલેક્શન

**સૌંદર્ય પ્રસાધનો, ઇમીટેશન જ્વેલરી, સ્ટોન જ્વેલરી, ઇલેક્ટ્રોનીક્સ ટોઇઝ, ગેમ્સ, વીડીયો ગેમ, કેમેરા રોલ, ગીફ્ટ આઇટમ, સેન્ટ, સ્પ્રે, પરફ્યુમ, બોડી સ્પ્રે, રૂમ સ્પ્રે, બેબી-સાયકલ, વોકર, થ્રી ઇન વન ઝુલા, કોસ્મેટીક્સ, હોઝિયરી, કટલરી, સ્ટેશનરી, ઇલેક્ટ્રીકલ્સ, મોબાઇલ રીચાર્જ, મેમરીકાર્ડ, પેનડ્રાઇવ, સીમકાર્ડ, ડાઉનલોડ, વગેરે.**

જીએફ-૭, સાંઇ અર્પણ કોમ્પ્લેક્ષ, અલ્પના ટોકીઝની પાસે, પ્રતાપનગર, વડોદરા - ૦૪.

**હાજી નાદેઅલી લોખંડવાલા**

**M.: 9924003831 / 9328644280.** □

## -::: ઝાહેર ખબર :::-

### બદરી સ્વીટસ

**અમારે ત્યાં મુંબઇ તથા વડોદરાની પ્રખ્યાત મિઠાઇઓ, ફરસાણ મળશે. લગ્ન તેમજ શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે.**

*૩, અલવી એપાર્ટમેન્ટ, હરણખાના રોડ, પાણીગેટ,* વડોદરા - ૩૯૦ ૦૧૭.

ફોન : ૦૨૬૫-૨૫૬૨૫૭૨ મો.: ૯૫૮૬૮૮૪૭૭૩ □

---

### નૂર ગેસ સેલ્સ એન્ડ સર્વિસ

મો.: ૯૮૨૪૩૯૨૭૧૩

**દરેક પ્રકારના ગેસના ચુલા સંતોષકારક અને ખાત્રીપૂર્વક તાત્કાલીક રીપેરીંગ કરી આપનાર.**

**(હોમ સર્વિસ સાથે)**

બરાનપુરા, શિવાજી બેંકની સામે, વડોદરા. □

---

**.... કારપેટ .... કારપેટ .... કારપેટ ....**

અમારે ત્યાં નવીન ડિઝાઈન અને કલરમાં દરેક પ્રખ્યાત કંપનીની કારપેટ ખરીદવા માટે પધારો....

### લકી કારપેટ સેન્ટર


C/o. **મહેબૂબભાઇ ભાઇસાહેબ** ફોન : ૨૫૮૦૫૬૬

વાયડા પોલના નાકે, વાડી, ચોખંડી, વડોદરા. □


---

**હાદી ઈમામ તૈયેબ**
**દાઈલ અનામ તૈયેબ**
**શમ્સુલ હોદાત તૈયેબ**
**ફખરૂદ દોઆત તૈયેબ**
**માઅનલ કિતાબ તૈયેબ**
**નાઈબ મનાબ તૈયેબ**

## -::: Congratulation :::-



Brother Sohel Rajabali Paghdiwala studying in Polytechnic (MSU, Baroda) has been awarded with two prizes by VC of MSU at the Annual Function held on 13 Feb. 2011, for his outstanding performance in the University Exams. □

مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك مِيلَاد مُبَارَك